**વડનગર** ખાતેની તાનારીરી પરફોર્મિંગ **આર્ટ્સ કોલેજની** વિવિધ સંવર્ગની કુલ **૧૧** જગ્યાઓ **૧૧ માસના** કરાર આધારિત/ આઉટસોર્સના **માધ્યમથી** ભરવાની મંજૂરી ૨૮/૦૨/૨૦૨૨ સુધી ચાલુ રાખવા બાબત

ગુજરાત સરકાર,
રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ
ઠરાવ ક્રમાંક : સનઅ/૧૦૨૦૨૧/૨૮૮/અ
બ્લોક નં. ૨, ૮મો માળ,
નવા સચિવાલય, ગાંધીનગર
તારીખ:૨૨/૦૬/૨૦૨૧

<u>વંચાણે લીધા :</u>

૧. રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગનો તા.૦૮/૧૨/૨૦૨૦નો ઠરાવ ક્રમાંક- યસપ/૧૦૨૦૧૯/સી.વી.૧૩/અ

૨. સભ્ય સચિવશ્રી, ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમીનો તા.૦૯/૦૩/૨૦૨૧નો પત્ર ક્રમાંક –સનઅ/તાના-રીરી કોલેજ/૨૦૨૦-૨૧/(૩)સી/૩૭

<u>પ્રસ્તાવના :</u>

વંચાણે લીધેલ ક્રમાંક (૧) સામે દર્શાવેલ ઠરાવથી વડનગર ખાતે તાનારીરી પરફોર્મિંગ આર્ટ્સ કોલેજની સ્થાપના કરવા અને સને ૨૦૨૦-૨૧નાં અંદાજપત્રમાં મહેસુલ સદરે કરવામાં આવેલ બજેટ જોગવાઈને વહીવટી મંજૂરી આપવામાં આવેલ. ઉક્ત ઠરાવથી વિવિધ સંવર્ગની કુલ ૧૧ જગ્યાઓને ૧૧માસ કરાર આધારિત ધોરણે તેમજ આઉટસોર્સથી ભરવા મંજૂરી આપવામાં આવેલ.

વંચાણે લીધેલ ક્રમાંક (૨) સામે દર્શાવેલ પત્રથી સભ્ય સચિવશ્રી, ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી દ્વારા વંચાણે લીધેલ ક્રમાંક (૧)ના પત્રક અ થી મંજૂર કરેલ જગ્યાઓ સને ૨૦૨૧-૨૨ દરમિયાન ચાલુ રાખવાની દરખાસ્ત કરવામાં આવેલ. સદરહુ જગ્યાઓને ૨૮/૦૨/૨૦૨૨ સુધી મંજૂરી આપવા અંગેની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

P.T.O.

ઠરાવ :

રાજ્ય સરકાર દ્વારા પુખ્ત વિચારણાને અંતે, વડનગર ખાતેની તાનારીરી પરફોર્મિંગ આર્ટ્સ કોલેજની વિવિધ સંવર્ગની નીચેના પત્રક મુજબની કુલ: ૧૧ જગ્યાઓને કરાર આધારીત તેમજ આઉટસોર્સની મુદત તા.૨૮/૦૨/૨૦૨૨ સુધી ચાલુ રાખવાની મંજૂરી નીચેની શરતોને આધીન આપવામાં આવે છે.

| ક્રમ | જગ્યાનું નામ | સંખ્યા | માસિક વેતન (તા.૨૮/૦૨/૨૦૨૨ સુધી) |
|---|---|---|---|
| ૧ | નૃત્ય વિભાગ HOD | ૦૧ | રૂ.૪૦૦૦૦/-(૧૧ માસ કરાર આધારીત) |
| ૨ | નૃત્ય વિભાગ ફેકલ્ટી | ૦૧ | રૂ.૨૨૦૦૦/-(૧૧ માસ કરાર આધારીત) |
| 3 | વાદન/ ગાયન HOD | ૦૧ | રૂ.૪૦૦૦૦/-(૧૧ માસ કરાર આધારીત) |
| ૪ | વાદન વીઝીટીંગ/ એડહોક | ૦૧ | રૂ.૨૨૦૦૦/-(૧૧ માસ કરાર આધારીત) |
| ૫ | ગાયન વીઝીટીંગ/ એડહોક | ૦૧ | રૂ.૨૨૦૦૦/-(૧૧ માસ કરાર આધારીત) |
| ૬ | ક્લાર્ક-કમ-કોમ્પ્યુટર ઓપરેટર | ૦૧ | રૂ.૧૨૦૦૦/-(૧૧ માસ કરાર આધારીત) |
| ૭ | સેવક | ૦૨ | રૂ.૧૦૦૦૦/-(આઉટસોર્સથી) |
| ૮ | સ્વીપર | ૦૨ | રૂ.૯૦૦૦/-(આઉટસોર્સથી) |
| ૯ | હાર્મોનિયમ ચેકનીસ્ટ | ૦૧ | રૂ.૧૨૦૦૦/-(૧૧ માસ કરાર આધારીત) |
| | કુલ | ૧૧ | |

શરતો :

૧. ઉપરનાં કોષ્ટકમાં દર્શાવેલ ૧૧ જગ્યાઓ ભરાયેલ હોવાની શરતે ક્રમ નં ૧ થી ૬ તથા ૯ ની કુલ ૦૭ જગ્યાઓની સેવાઓ ૧૧ માસ કરાર આધારીત તથા ક્રમ ૭ અને ૮ ની કુલ ૦૪ જગ્યાઓની સેવાઓ ૧૧ માસ માટે સરકાર માન્ય નિયત એજન્સી મારફતે આઉટસોર્સથી લેવાની રહેશે.

૨. જો વધુ સમયગાળા માટે જગ્યાઓની મુદત લંબાવવાની જરૂરીયાત જણાય તો ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી એ સદરહુ જગ્યાઓ પૈકી કેટલી જગ્યા ભારાયેલ / ખાલી છે તેની વિગતો સાથે મુદત પૂર્ણ થાય તેના એક માસ પહેલા દરખાસ્ત કરવાની રહેશે.

3 વંચાણે લીધેલ (૧) સામેના ઠરાવની અન્ય શરતો યથાવત રહેશે.

આ હુકમો વિભાગની સમાનાંકી ફાઈલ પર સચિવશ્રી (ખર્ચ)ની તા.03/0૬/૨૦૨૧ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( જે. એસ. સાગર )
સેકશન અધિકારી,
રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ.

પ્રતિ,

- માન. રાજયકક્ષાના મંત્રીશ્રી (રમતગમત)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨/૪, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રીના અંગત સચિવશ્રી, રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, બ્લોક નં. ૨/૮, સચિવાલય, ગાંધીનગર
- નાણા સલાહકારશ્રી (રમતગમત), બ્લોક ૯/૧, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- કમિશનરશ્રી, યુવકસેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ,બ્લોક નં ૧૧/3, ડૉ.જીવરાજ મહેતા ભવન, સેક્ટર-૧૦, ગાંધીનગર
- સભ્યં સચિવશ્રી, ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી, બ્લોક નં ૯, ૧લો માળ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર
- તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર
- સેક્શન અધિકારીશ્રી, નાણા શાખા(ર.ગ.), બ્લોક નં ૫/૭માળ, સચિવાલય, ગાંધીનગર – જરૂરી કાર્યવાહી અર્થે
- સેક્શન અધિકારીશ્રી, ક-શાખા, રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, સચિવાલય, ગાંધીનગર – જરૂરી કાર્યવાહી અર્થે.
- સિલેક્ટ ફાઈલ-૨૦૨૧ / ના.સે.અ.સિલેક્ટ ફાઈલ
- સિસ્ટમ મેનેજરશ્રી, રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, બ્લોક નં. ૨/૮, સચિવાલય, ગાંધીનગર તરફ વિભાગની અધિકૃત વેબસાઇટ પર અપલોડ કરવા સારૂં.